**સેશન્સ કેસ નંબરઃ– ૪૭/૨૦૧૮**
**આંક –૮૬**

| સેશન્સ કેસ નંબરઃ– ૪૭/૨૦૧૮ | | |
|---|---|---|
| ફરીયાદપક્ષે સાહેદ નંબર | ૨૦ | ની જુબાની |

હું આ ઉપરથી પ્રતિજ્ઞા કરુ છુ કેઃ

| મારુ નામ | અરવિંદજી થાવરાજી પંચોલી | | | |
|---|---|---|---|---|
| ધર્મ | હિન્દુ | | મોબાઈલ નંબર | 982463999 |
| ઉંમર આશરે | ૬૪ | વરસની | ધંધો | નિવૃત પી.આઈ |
| રહેવાનુ | અમદાવાદ | | ડીસ્ટ્રીકટ | અમદાવાદ |
| સોગંદ આપ્યા | | સરતપાસ | સ્પે.પી.પી.શ્રી | વી.બી.કંસારા |

(૧) હુ છેલ્લા સાત વર્ષથી મારી ફરજ ઉપર થી વય નિવૃત થયેલ છું. બનાવ સમયે હુ ડીસા રુરલ પો.સ્ટે. ખાતે પી.આઈ. તરીકે મારી ફરજ પર હાજર હતો તે દરમિયાન તા. ૧૬–૦૨–૨૦૧૮ના રોજ અમો અમારી ફરજ પર હાજર હતા તે દરમિયાન અમારા રુબર ફરીયાદી શ્રી ઈશ્વરજી વિહાજી ઠાકોર ગામ ડાવસ સીમ, તા. ડીસા નાઓ આવેલા અને અમારી રુબરુ ફરીયાદ લખાવેલ કે અમારે સંતાનમાં ત્રણ બાળકો છે જેમા કમલેશ ઉર્ફે પીંકો જે કુંવારો છે અને જે આખોલ ખાતે જોરાસિંહને ત્યા છેલ્લા આઠ મહીનાથી કામ કરે છે. તા.૧૫–૦૨–૨૦૧૮ના રોજ મારો છોકરો મારા ભાઈના ઘરે ટીવી હોઈ સાંજે વાળુ કરીને ત્યા ટીવી જોવા ગયેલ અને ત્યા ફોન આવતા રાત્રીના આઠ વાગ્યાના સુમારે પ્રકાશજીને કહીને ક્યાક જતો રહેલ અને મને એમ હતુ કે રોજ રાત્રે મોડા આવીને પોતાની પથારીમાં સુઈ જાય છે તેવુ માનીને હુ સુઈ ગયેલ. તા. ૧૬–૦૨–૨૦૧૮ના રોજ તેના ખાટલામાં તપાસ કરતા તે હાજર જણાયેલ નહી અને સવારે સાડા આઠે વાગે મારા ભત્રીજા પ્રકાશ ઉપર ફોન આવેલ કે જાગૃતી વિધ્યાલય નજીક લીમડાના ઝાડ નજીક બાંકડા નીચે કમલેશ મરણ ગયેલ છે તેવુ જણાવતા હુ તથા મારો ભત્રીજો બન્ને બાઈક લઈને સદરે જગ્યાએ ગયેલા. અને તપાસ કરતા મારા છોકરાને શરીરના ભાગે લાકડીઓ અથવા ધોકાથી માર મારેલાનું જણાયેલ અને આ બનાવ પુર્વ યોજીત કાવતરુ કરીને મારા છોકરને લાકડીઓ અથવા ધોકાથી માર મારી મોત નીપજાવેલ હોવાનું જણાઈ આવેલ જેથી મે ગામના જામતજી અનુપજી અને નરસંગજી વિહાજી તથા પીરભાઈ રામાભાઈ પરમારનાઓને આ અંગે વાતચીત કરેલી. અને આ લાશને સિવિલ હોસ્પીટલ ડીસા ખાતે મુકી આવી અમારી રુબરુ ફરીયાદીએ ફરીયાદ લખાવેલ. ત્યાર બાદ અમોએ સદરે ગુનો દાખલ કરવા પીએસઓને યાદી પાઠવી સીઆરપીસી ૧૫૭નો જાહેર રીપોર્ટ કરી વધુ તપાસ અર્થે અમોને મોકલી આપવા રીપોર્ટ કરેલ ત્યારબાદ અમોએ લાગતા વગતા અધીકારી શ્રીઓને જાણ કરેલ. તેમજ એફ.એસ.એલ.

સાહેદની સહી............................

અધીકારીશ્રીને પણ ગુનાવાળી જગ્યા પર બોલાવેલ ત્યાર બાદ અમોએ લાશ ઉપર ઈન્કવેશ પંચનામુ બે પંચોના રુબરુ કરી લાશોનું ચોક્કસ કારણ જાણવા સારુ મેડીકલ ઓફીસર શ્રીને રીપોર્ટ કરેલ. ત્યારબાદ અમોએ ગુનાવાળી જગ્યાનું પંચો રુબરુ પંચનામુ કરી તપાસના કામે સામેલ રાખેલ ત્યાર બાદ અમોએ આરોપીઓની તપાસ માટે સીડીઆર મેળવવા માટે તજવીજ કરવામાં આવેલ. ત્યાર બાદ અમોએ લાગતા વળગતા સાહેદોના વિગતવાર નિવેદનો લઈ તપાસના કામે સામેલ રાખેલ. ત્યાર બાદ અમોએ સીડીઆર ઉપરથી આરોપીના નામ મળી આવતા આરોપીઓને પુછપરછ કરતા આરોપીઓ ગુનામાં સંડોવાયેલ હોવાના પુરાવા મળતા આરોપીઓ ના વિગતવાર નિવેદન લઈ શરીર સ્થિતીના પંચનામા તેમજ ડીસકવરી પંચનામા કરી આરોપીઓ પાસેથી મળેલ મુદ્ધામાલ બાબતે પોલીસ સ્ટેશન મુદ્ધામાલ પાવતી ફડાવવા સારુ મુદ્ધામાલ તથા રિપોર્ટ સાથે પીએસઓને મોકલી આપતા તેઓએ મુદ્ધામાલ પાવતી ફાડી કાગળો અમારી તરફ મોકલતા અમોએ વંચાણે લઈ તપાસના કામે સામેલ રાખેલ. ત્યારબાદ અમોએ સદરી મુદ્ધામાલ એફ.એસ.એલ માં તપાસ માટે મોકલી આપવા સારુ યાદી તૈયાર કરી પંચો રુબરુ વિગતવાર મુદ્ધામાલ સીલ કરી એફ.એસ.એલ માં મોકલી આપવા તજવીજ કરેલ. તેમજ મરણજનાર ના કપડા હેડ કોન્સ્ટેબલ જસવંતસિંહ કેસરીસિંહ નાઓએ રજુ કરેલ. જે તપાસના કામે કબજે લીધેલ અને એફ.એસ.એલ માં મોકલી આપવા તજવીજ કરેલ. આરોપીઓએ જે ફોન થી વાત કરેલ તે ફોનની કોલ ડીટેઈલ્સ આવતા તે કોલ ડીટેઈલ્સ વંચાણે તપાસના કામે સામેલ રાખેલ. આરોપીઓ પાસેથી કબજે લીધેલ મોબાઈલ એફ.એસ.એલમાં મોકલી આપવા તજવીજ કરેલ તેમજ આરોપી બચુજી ગેમરજીના કબજામાથી લીધેલ અલ્ટોગાડી એફ. એસ.એલ. અધીકારી રુબરુ ગુનામાં વપરાયેલ હતી તે બાબતે ગાડીમાંથી પુરાવા મેળવવા સારુ એફ.એસ.એલ. અધીકારીશ્રીના જણાવ્યા મુજબ તપાસ કરવા સારુ નોંધ લીધેલ. આરોપી પાસેથી ગ્રે કલરનો મફલર તેમજ લાકડી કબજે લેવામાં આવેલ તે એફ.એસ.એલ.માં મોકલી આપેલ.

સદર કેશનું રેકર્ડ વેરીફાઈ કરતા સદર કેશમાં ઘણા સાહેદોની જુબાની બાકી હોય તે સાહેદોની જુબાનીમાં આવતા વિરોધાભાસો,સુધારા વધારા માટે સદરહુ સાહેદની જુબાની આખરી તબક્કે લેવાની હોવાથી હાલ પુરતી મુલતવી રાખવામા આવે છે.

**<u>સરતપાસ પુરી..</u>**

**સાહેદ તથા વકીલશ્રીઓ ચાલુ જુબાનીએ પોતાની જુબાની મોનીટર ઉપર વાંચી શકે છે તેથી તેણે એપ્રુવ કરેલી જુબાનીની પ્રિન્ટ છે. નામ.ગુજરાત હાઈકોર્ટ તરફથી**

સાહેદની સહી.............................

**આ અદાલતને તા.૨૪/૦૭/૨૦૧૯ના રોજ સુચના મળેલ છે કે દરેક જુબાનીઓમાં સાહેદની સહી લેવી તેથી સાહેદે લખ્યા મુજબ જુબાની આપ્યાની કબુલાત બદલ સહી કરેલ છે.**

.........................................
સાહેદની સહી

| | |
|---|---|
| મુ. ડીસા<br>તા. ૧૦/૦૯/૨૦૨૫ | મારી રૂબરૂ,<br><br>(કુ.એસ.એમ.કાનાબાર)<br>એડી.સ્પેશ્યલ જજ, ડીસા |

સાહેદની સહી............................